# ❀ મૈત્રી રક્ષા દિવસ ❀

આત્મીય યુવા દોસ્તો,

ચાલો સૌ સાથે મળીને મૈત્રી રક્ષા દિન ઉજવીએ. સમાજ- કુંટુંબના બધા સંબંધો જેવા કે ભાઈ-બહેન, પિતા-પુત્ર, પિતા -પુત્રી, માતા- પુત્ર, માતા -પુત્રી, સાસુ -વહુ, પતિ -પત્ની, દેરાણી -જેઠાણી, દિયર-ભાભી, પ્રેમી -પ્રેમિકા, મિત્ર- મિત્ર (મૈત્રી સંબંધ) વગેરે વગેરે... આ બધાજ સંબધોમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉત્તમ સંબંધ મૈત્રી સંબધ છે. મિત્રતાનો સબંધ જગતમાં પવિત્રમાં પવિત્ર અને ઊંચામાં ઉંચો છે. તમને કદાચ એવુ થાય કે પતિ -પત્નિ અને પ્રેમી- પ્રેયસી ના સંબધોથીય ઊંચો કઈ રીતે હોઈ શકે ? તો જાણી લો કે પતિ- પત્નિ કે પ્રેમી -પ્રેયસીના સંબધમાંય કયાંક મર્યાદા આવી જાય છે. કયાંક એવી છુપી વાત કે રહસ્ય આ બંન્ને સંબંધોમાં આપણે એક મેકને કહી શકતા નથી. જયારે ગાઢ મૈત્રી સંબંધમાં કોઈ બંધન, કોઈ મર્યાદા, કોઈ રહસ્ય, કોઈ છુપી વાત ને સ્થાન નથી, કોઈ સંકુચિત સીમાડા નડતા નથી. પત્નિ તેના પતિથી કેટલીક વાતો છુપાવી શકે છે પણ પોતાની પ્રિય બહેનપણીથી એકેય વાતો છુપાવતી નથી. પતિ પણ તેમજ કરતા હોય છે. પ્રેમી-પ્રેમિકાના સંબંધમાં અમુક વાતો નથી કરી શકાતી. પોતાના પ્રિયતમ કે પ્રેયસી ને ખોટું લાગશે.? તેના સ્વભાવ પ્રમાણે રુચશે નહી કે ગમશે નહી. જયારે મૈત્રી સંબંધમાં એવા કોઈ બંધન નથી હોતા. એટલે જ મૈત્રી સંબંધ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સંબંધ છે. અને આ મૈત્રી સંબધોની પૂર્ણતાએ રક્ષા થવી જોઈએ.શ્રાવણ મહિનાની પૂનમ એટલે 'મૈત્રી રક્ષા દિન' ની ઉજવણી કરવાનો દિવસ **(Friendship Raksha Day)**.

આપણા સમાજમાં આ દિવસને રક્ષાબંધન તરીકે ઉજવે છે. પણ હકીકતમાં તેનો મૂળ ભાવ તો આત્યાંતિક સુંદર હતો. તેની હજી સુધી ઘણા ને ખબર નથી. આ રક્ષાબંધન ઉત્સવનું પ્રાચીન સ્વરૂપ અને અત્યાધુનિક સ્વરૂપ એટલે જ 'મૈત્રી રક્ષા દિન '. આપણે રક્ષાબંધનને બહેન - ભાઈને રાખડી બાંધે એટલું સિમિત બનાવી દીધુ છે. પણ જૂના ઈતિહાસ તરફ દ્રષ્ટિ દોડાવશુ તો ભૂતકાળમાં રક્ષાબંધન પર્વ માત્ર ભાઈ-બહેન પુરતું સિમિત ન હતુ. ઈન્દ્રાણી એ પોતાના પતિને (ઈન્દ્ર) તેની રક્ષા માટે રાખડી બાંધી. દાદી કુન્તીએ પોતાના પૌત્ર વીર અભિમન્યુને રાખડી બાંધેલી. દ્રોપદીએ પોતાના સખા શ્રીકૃષ્ણને રાખડી બાંધતી, રુકમણિએ અસુરરાજ દાનવીર બલિરાજાને રાખડી બાંધેલી અને હમણાંના સમય માં હિન્દુ રાણી કર્માવતિએ મુસ્લિમ રાજા હુમાયુને રાખડી બાંધી હતી.

મિત્રો આ બધાનો મુખ્ય મંત્ર એ છે કે માત્ર ભાઈ બહેનને જ ઉજવવાનું આ પર્વ નથી. પણ ખરી રીતે સમગ્ર વિશ્વના તમામ વૈશ્વિકજનોએ ઉજવવાનું પર્વ છે. માટે તેને આપણે ' મૈત્રી રક્ષા દિન' તરીકે ઉજવીએ. દુનિયાના આ શ્રેષ્ઠ સંબંધ ' મૈત્રીભાવ' ને કુટુંબ સમાજ અને દુનિયાના પ્રત્યેક સંબંધમાં સમાવેશ કરીએ. તે દિવસે હરકોઈ વ્યક્તિ હરકોઈને રક્ષા બાંધીને પર્વ ઉજવી શકે. મિત્રો મિત્રોની બાંધે, ચાહે તે મિત્ર પુરુષ હોય કે સ્ત્રી, છોકરો- છોકરી, પિતા-પુત્રી, માતા -પુત્ર, પતિ-પત્નિ વગેરે એક બીજાને સાચા મિત્ર સમજીને મૈત્રી રક્ષા બાંધે અને દરેક પવિત્ર સંબંધમાં મૈત્રી સ્થાપિત કરે તે જ આ દિનનો મહિના છે. વિશ્વમાં શાંતિ સ્થાપવી હશે તો મૈત્રી વિના શક્ય નથી. અમારી વૈશ્વિક જીવન દર્શની એ પણ એક મહા મંત્ર આપ્યો છે. " આત્મીય મૈત્રી દેવો ભવ". મૈત્રી સબંધ દ્વારા જ વિશ્વને એક, મેક અને નેક બનાવી શકાય છે. દુનિયાની પ્રત્યેક વ્યક્તિને સંસારમાં માત્ર મૈત્રી સંબંધથી આપણે જોડી શકીશું. દુનિયાના પ્રત્યેક વ્યક્તિને ભાઈ - બહેન નહીં બનાવી શકીએ કે સંસારના બીજા કોઈ સંબંધથી નહીં જોડી શકીશું તો માત્ર ને માત્ર મૈત્રી સંબંધ બાંધી શકીશું.

યુવા મિત્રો આ મૈત્રી સંબંધમાં એક મિત્ર, બીજા મિત્રને માત્ર રક્ષા બાંધીને જ માત્ર સંતોષ ન થાય પણ એકબીજા મિત્ર પ્રત્યે પોતાની ફરજોથી પણ તેટલો સભાન બને. એકબીજાને સુખી કરવા, સુખી થવાની ભાવના રાખે, અવિશ્વાસ, વિશ્વાસઘાત, વાસના અને અપેક્ષા વગેરેનો સમાવેશ ન હોય. એકબીજાનું જરીક માત્ર પણ ખરાબ નહીં ઈચ્છે, માત્ર સુખી કરવા અને સુખી જોવાની ઈચ્છાને જ માત્ર સંબંધમાં સ્થાન છે. બીજું કોઈ ઈચ્છા કે ભાવ હોય તે સંબંધમાં સ્થાન નથી. આટલું પ્રત્યેકે જાણી લેવું જરૂરી છે. યુવા મિત્રો, આવા પવિત્ર ઉત્સવને આપણે વૈશ્વિક સ્તરે લઈ જવાનો પ્રયત્ન કરીએ.

ભારત વર્ષોથી આ પર્વ ઉજવતું આવેલું છે. તેને એક માત્ર ભાઈ - બહેનના સંબંધમાં સિમિત ન કરતાં. તેને વૈશ્વિક સ્તરે લઈ જઈને ' મૈત્રી રક્ષા ડે (ફ્રેન્ડશીપ રક્ષા ડે) પહેલ કરવા સૌ યુવાનોએ તૈયાર રહેવાની જરૂર છે. આપણી શાળા કોલેજ અને સમાજમાં આ મૈત્રી રક્ષા દિનની ઉજવણી કરી. તેને દેશના સીમાડાઓ ઓળંગીને પશ્ચિમની ધરતી પર પધરાવી દેવાની નેમ લેવાની જરૂર છે. યુવા દોસ્તો આપણે પશ્ચિમના ઘણા ઉત્સવોને સમજી કે ના સમજીને પણ ઉજવીએ છીએ. બર્થ ડે, ફ્રેન્ડશીપ ડે, જીન્સ ડે, રોઝ ડે, ગુડ બાય ઈયર ડે, વેલકમ ઈયર ડે વગેરે વગેરે, તે બધા આપણે ઉજવતા હોઈએ. ફ્રેન્ડશીપ ડે એ આપણી રક્ષાબંધનની નાની આવૃત્તિ છે. તો રક્ષાબંધનના દિવસે જ કેમ આપણે " મૈત્રી રક્ષા ડે " ન ઉજવીએ ! આપણી સંસ્કૃતિનું જ અનુકરણ એટલે જ ફ્રેન્ડ શીપ ડે. આપણે શું તેમના અનુકરણનું અનુકરણ કરવાનું ? કે પછી આપણા શ્રેષ્ઠ ઉત્સવનું અનુસરણ કરી અને તેમને અનુસરણ કરાવવું. આ ફ્રેન્ડશીપ ડે ને શ્રાવણ સુદ પૂનમના દિવસે જ 'મૈત્રી રક્ષા દિન' તરીકે ઉજવવાનું શરૂ કરવાની જરૂર છે.

શાળા કોલેજમાં તે જ દિવસે કે રજા હોય તો આગલા દિવસે બધાજ છોકરા છોકરીઓ હાજરી આપીને ભવ્ય રીતે અધ્યાપકો સહિત આ પર્વની ઉજવણી કરવી. મિત્રો એકબીજાને મૈત્રી રક્ષા બાંધી મિત્રતાના શપથ લઈ ભાવપદો બોલીને આ પર્વની જગતને " મૈત્રી રક્ષા દિન' તરીકે ભેટ આપીએ. માત્ર અનુકરણ કરવાની માનસિકતા માંથી બહાર આવીને બીજાને અનુસરવાનો કોઈ પ્રયત્ન કરવો કે નહિ ? ક્યાં સુધી ગાંડરીયા પ્રવાહમાં ચાલ્યા કરવાનું ? ભારતીય યુવક- યુવતીઓ જગતને કંઈક સારી વસ્તુની ભેટ આપવા તૈયાર થવું કે નહિ ? માત્ર તેમના ઉત્સવોની ઉજવણી કર્યા કરવી ? સાચાનો સ્વીકાર પણ કરવો તે પણ સારી વાત છે. અને આપણી પાસે છે તો તેની સરવાણી કેમ ન કરવી ? આપણામાં જે વર્ષોથી પડેલું છે. તો તેની સમજીને ઉજવણી કેમ ન કરીએ ? જો બીજાના ઉત્સવો ની ભેટ લેતા શીખીએ તો આપણે બીજાને આપણા ઉત્સવોની કેમ ભેટ આપતા ન શીખીએ ? રક્ષાબંધનને વૈશ્વિક બનાવીને "મૈત્રી રક્ષા દિન ' તરીકે ઉજવી ભારતની ભવ્યાતિ - ભવ્ય પર્વની વૈશ્વિક સ્તરે લઈ જવાની આજે નેમ લઈએ.

મિત્રો, યુવાનો અને યુવતિઓ જ આ કરી શકશે. મૈત્રી રક્ષા દિન પાછળનો ભાવ જગતના લોકો સામે મૂકવા, આજે આપણે કટી બધ્ધ થઈએ. શરૂઆત આપણી શાળા કૉલેજ કે સમાજથી કરી 'હેપી મૈત્રી રક્ષા ડે' ની ઉજવણી કરી, નવો ચીલો પાડીએ. ચીલા ચાલુ માંથી બહાર આવી, નવો ચીલો ચીતરીએ. વિશ્વ શાંતિ માટે આ જરૂરી છે. ફ્રેન્ડ શીપ ડે માત્ર શાળા કોલેજો પુરતું સિમિત થતું ગયું છે. જયારે ' મૈત્રી - રક્ષા ડે " કુટુંબ સમાજ અને વિશ્વસ્તરે અપરિમિત બનાવીને જંપીએ. આવો સૌ કટિબધ્ધ થઈ સંકલ્પ કરીએ કે 'મૈત્રી રક્ષા દિન' ને જગતના જન જન સુધી પહોંચાડીશુ. અને છેલ્લે સાને 'હેપી મૈત્રી રક્ષા દિન' સાથે મૈત્રી ના અષ્ટપદને દિલથી સમજીએ એજ અભ્યર્થના.

### મૈત્રીના અષ્ટ ભાવપદો

- હું મારા પરમ મિત્રને માટે રાગ કે દ્વેષ રાખીશ નહિ.
- હું મારા પરમ મિત્રનું સદાય કલ્યાણ ઈચ્છીશ.
- હું મારા પરમ મિત્રનું મનથીય બુરું નહી ઈચ્છતા, માત્ર ભલું ઇચ્છીશ.
- હું મારા પરમ મિત્રનું સદાય સુખ ઈચ્છીને, સુખ આપીશ.
- હું મારા પરમ મિત્ર પાસે કંઈ પણ જાતની અપેક્ષા રાખીશ નહી.
- હું મારા પરમ મિત્ર સાથે અવિશ્વાસ, વિશ્વાસઘાત કે છેતરપીંડી કરીશ નહી.

- હું મારા પરમ મિત્રના દુ:ખમાં કોઈપણ પ્રકારનો સ્વાર્થ રાખ્યા વિના ભાગીદાર બનીશ.
- હું મારા પરમ મિત્રને માત્રને માત્ર આત્મિક પ્રેમ કરીશ.

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની )
" અંતરની એરણ થી "